જોખમી વાયરો : શહેરમાં અનેક સ્થાનો પર વીજળી પ્રવાહના વાયરોના નાના-નાના સબ સ્ટેશનો જોખમી હાલમાં જોવા મળે છે. ક્યાંક - ક્યાંક બારણા તૂટી ગયા છે. પાયાની ઈંટો ઉખળી ગઈ હોય અથવા આસપાસ ખાડો પડી જવાને કારણે વાયરો ખુલ્લા દેખાય છે. તંત્ર સાવધ બને તે જરૂરી છે. (તસવીર : દિપક જાની)

સરકારી રજાના કારણે ઉનાળાની બપોરે નગરમાં કર્ફ્યુ જેવી સ્થિતિ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીગરના સરકારી સંકુલોમાં આજે ચોથા શનિવારની રજા હતી. એક તરફ શહેરમાં ઉનાળો તેની ચરમસીમાએ હોવાથી કાળઝાળ ગરમીએ માઝા મુકી છે ત્યારે બીજી તરફ સરકારી રજાના કારણે સચિવાલય સહિતના તમામ સરકારી કાર્યાલયોમાં રજાના પગલે દિવસ દરમિયાન ખાસ કરીને બપોરના સમયે નગરના રાજમાર્ગો પર સૂનકાર વ્યાપી જવા પામ્યો હતો.

ભારે ગરમીના કારણે આમ પણ બપોરના ૧ વાગ્યા પછી નગરના માર્ગો પર ટ્રાફિકનું પ્રમાણ નહિવત થઈ જાય છે તેમાં રજાનો દિવસ હોવાથી બપોરે ૧ થી ૫ વાગ્યા સુધી નગરમાં જાણે કર્ફ્યુ લાગ્યો હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. છેલ્લા પંદરેક દિવસથી ગરમીનો પારો સતત ૪૨ ડિગ્રીની ઉપર રહેવા પામ્યો છે ત્યારે અસહ્ય ગરમીથી જનજીવન ભારે પ્રભાવિત થવા પામ્યું છે. સન સ્ટ્રોકના કારણે બિમારીમાં પટકાવવાના ભયે નાગરિકો બપોરના સમયે દુકાન ઓફિસ કે ઘરમાંથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ગાંધીનગર એ કર્મચારી નગર છે. જેમાં અનેક સરકારી કાર્યાલયો આવેલા છે અને તેમાં હજારોની સંખ્યામાં કર્મચારીઓ કાર્યરત છે. સરકારી કાર્યાલયોમાં દર બીજા અને ચોથા શનિવારે રજા હોય છે તે મુજબ આજે ચોથો શનિવાર હોવાથી રજા હતી જેના કારણે તમામ કાર્યાલયો ખાલીખમ હતા. લગભગ ચાલીસેક હજાર કર્મચારીઓની ગેરહાજરીના કારણે દિવસ દરમિયાન આમ પણ ટ્રાફિકનું પ્રમાણ નહિવત હતું. તેમાં બપોરના સમયે તો શહેરમાં જાણે રીતસર કર્ફ્યુ જાહેર કરાયો હોય તેમ નગરના માર્ગો સૂમસામ બની જવા પામ્યા હતા.

વિધવા સહાયના બહાને ચીટીંગ કરનાર મહિલા ઝડપાઈ

અઢી માસ પહેલા સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો : ટ્રાન્સફર વોરંટથી આરોપીને પોલીસ લઈ આવી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં વિધવા સહાય અપાવવાની લાલચ આપીને અઢી માસ અગાઉ છેતરપીંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ સે. ૭ પોલીસમથકે નોંધાવા પામી હતી. આ મહિલાને અમદાવાદ સાયબર ક્રાઈમે ઝડપી પાડી હતી. ગાંધીનગરમાં ચીટીંગનો ગુનો કબુલ કરતાં સે. ૭ પોલીસ આરોપીને અમદાવાદમાંથી ટ્રાન્સફર વોરંટથી લઈ આવી છે અને તેણીની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અઢી માસ અગાઉ ગાંધીનગર શહેરમાં એક છેતરપીંડીનો કિસ્સો બનવા પામ્યો હતો. જેમાં મહિલાએ વિધવા સહાયની લાલચ આપીને વિશ્વાસઘાત અને છેતરપીંડી આચરી ફરાર થઈ ગઈ હતી. આ બનાવ અંગે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ગુનો પણ દાખલ થયો હતો. દરમ્યાન ગઈકાલે અમદાવાદ સાયબર ક્રાઈમની ટીમે આ એમ.ઓ.થી છેતરપીંડ કરતી મહિલાને ઝડપી પાડી હતી. ખેડાની મહિલા સઈદાબાનુ સુરજખાન પઠાણની ધરપકડ બાદ પુછપરછ કરતા ગાંધીનગરમા અઢી માસ પહેલા ગુનો આચર્યો હોવાની કબુલાત કરી હતી જે આધારે સે. ૭ પોલીસ આરોપી સઈદાબાનુને ટ્રાન્સફર વોરંટથી પોલીસ સ્ટેશન લઈ આવી છે અને તેની ધરપકડ કરી પીએસઆઈ ચૌહાણે વધુ પુછપરછ માટે કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા કાર્યવાહી શરૂ કરી છે.

(તસવીર : દિપક જાની)

ગોવાના રાજ્યપાલ શ્રીમતી મુદુલા સિન્હાએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. બન્ને મહાનુભાવોની મુલાકાત દરમ્યાન શ્રી કોહલીએ ગુજરાતે વિકાસના વિવિધ ક્ષેત્રોમાં સાધેલી પ્રગતિની રૂપરેખા આપી હતી.

સાણંદના ખીચા ગામના બન્ને ભુવા ફરાર

અમદાવાદ, તા.૨૩

સાણંદના ખીચા ગામમાં બન્ને ભુવા જે ગ્રામજનોને અંધશ્રદ્ધામાં ધકેલી રહ્યા હતા તે અંતે ફરાર થઈ ગયા છે. વિજ્ઞાન જાથાની ટીમ પહોંચી જતા બન્ને ભુવા ફરાર થયા છે. આ સંદર્ભમાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. લુ લાગવાથી લોકોને સારવાર લેવાની ફરજ પડી છે.

સાણંદ પાસે ખીચા ગામમાં ભુવાના સ્વપ્રકાંડમાં માતાજીનો પ્રકોપ ટાળવા ૧૨ કલાક સુધી સમગ્ર ગ્રામજનોને ઘર-બાર છોડીને હિજરત કરાવનાર બંને ભુવા ભારત જન વિજ્ઞાન જાથાની ટીમની મુલાકાતની ખબર પડતા ફરાર થઈ ગયા હતા. સરપંચ અને ગ્રામજનોએ અંધશ્રદ્ધાયુક્ત વલણના કારણે જાહેરમાં માફી માંગી લીધી હતી. ભવિષ્યમાં આ પ્રકારનું જોખમી પગલું ભરશે નહિ તેવી ખાતરી આપી હતી. ફરાર બંને ભુવા સામે કાનૂની કાર્યવાહી કરવા તંત્રને જાથાએ આવેદનપત્ર પાઠવ્યું હતું. બનાવની વિગત પ્રમાણે સાણંદના ખીચા ગામના લોકો ધોમધખતા તાપમાનમાં ૧૨ કલાક સુધી ઘરમાંથી હિજરત કરી માતાજીનો પ્રકોપ ટાળવા અંધશ્રદ્ધામાં ફસાયા હતા. તેના મૂળમાં ૨૫ વર્ષ પહેલા ગામમાં રોગચાળો ફાટી નિકળ્યો હતો તે વખતે ભુવા અને તેના મળતિયાઓએ માતાજીની માનતા-બાંધા ગ્રામજનોને રખાવી હતી તે વખતના ભુવા કે અન્ય હયાત નથી. ગ્રામના ભુવા છના વાલજી અને ભુવા વિઠ્ઠલ ગંગારામે એકસંપ કરી સ્વપ્રની હકીકત આગેવાનો સમક્ષ મુકી હતી તેમાં ૨૫ વર્ષ પહેલાની માનતા અધૂરી છે તેથી ગમે ત્યારે માતાજીનો પ્રકોપ ગામ ઉપર પડશે. અનર્થ, રોગચાળો, અકુદરતી મોતના બનાવ બનશે તેવો ભય-ડરની વાત મુકી હતી. માતાજીનો પ્રકોપ ટાળવા સમસ્ત ગ્રામજનોએ ઘરબાર છોડી ૧૨ કલાકની તપસ્યર્યા કરી ફરી ક્રિયાકાંડો, નૈવેદ, દૂધ-પાણીની જલધારા કરી ઘરમાં પ્રવેશ કરવો તેવું કરવામાં આવ્યું હતું. ગામના સરપંચ વિરસંગભઆઈ, આગેવાનો ભુવાની વાતમાં આવી જઈ અંધશ્રદ્ધાયુક્ત વલણ અપનાવતા ૧૨ કલાક સુધી ધોમધખતા તડકામાં બે માસના બાળકથી ૧૦૮ વર્ષ વૃદ્ધા સહિત લોકો સીમમાં વસવાટ કર્યો તેના કારણે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા.

રાજપૂત સમાજના વિદ્યાર્થીઓ માટે ચોપડાનું વિતરણ

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા જિલ્લા રાજપૂત સમાજના વિદ્યાર્થીઓ માટે રાહત દરે ચોપડાનું વિતરણ ચાલુ છે જેથી કાર્યાલય સમય દરમિયાન શ્રી રાજપૂત ભવન, સેક્ટર-૧૨ ખાતેથી વહેલા તે પહેલાના ધોરણે મેળવી લેવા જિલ્લા રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ દ્વારા જણાવાયું છે.

દશનામ ગોસ્વામી મંડળની બેઠક મળશે

ગાંધીનગર જિલ્લા દશનામ ગોસ્વામી મંડળના આજીવન સભ્યોની સાધારણ સભા મંડળના વિકાસલક્ષી કામો માટે આગામી ૩૧-૫-૨૦૧૫ને રવિવારના રોજ સાદરા મુકામે, જક્ષણી માતા મંદિર, અન્નપૂર્ણા ભવન ખાતે સવારે ૮ કલાકથી ૧૩ કલાક દરમ્યાન યોજાનાર છે જેમાં દરેક આજીવન સભ્યોએ અચૂક હાજર રહેવા નિમંત્રણ છે.

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની વાર્ષિક સાધારણ સભા

ગાંધીનગરની સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની તા. ૨૯મી મે શુક્રવારે સાંજે ૫ વાગે માસિક સભા સાથે ૨૨મી વાર્ષિકત સાધારણ સભા યોજાશે. આ સભામાં સિસિકાની ચૂંટણીના પરિણામ જાહેર કરાશે જેથી તમામ સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી મહેન્દ્રભાઈ શાહ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. વાર્ષિક સાધારણ સભાની પૂર્ણાહુતિ બાદ સભ્યો માટે પ્રિતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે.

ત્રિ-મંદિર પાસે બિલ્ડીંગ પરથી નીચે પટકાયેલા ૧૪ વર્ષના કિશોરનું મૃત્યુ

અભિષેક કન્ટ્રકશન સાઈટના બિલ્ડીંગ પરથી કેવી રીતે નીચે પડ્યો ? પોલીસ તપાસ ચાલુ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક ત્રીમંદિર પાસે અભિષેક કન્સ્ટ્રકશન સાઈટ પર એક નવી બનતી બિલ્ડીંગ પરથી નીચે પટકાતા ૧૪ વર્ષના કિશોરનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું છે. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા જમાદાર ભીખાભાઈ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કેવી રીતે કિશોર નીચે પટકાયો તેની તપાસ શરૂ કરી છે.

અડાલજ ત્રીમંદિર પાસે ચાલતી બાંધામ સાઈટ ખાતે રહેતા ૧૪ વર્ષનો ભૈરવ કિશનભાઈ કટારા આજે સવારના અરસામાં અભિષેક કન્સ્ટ્રકશનની બિલ્ડીંગ પરથી અચાનક નીચે પટકાયો હતો. જેને પગલે ભૈરવને ગંભીર ઈજાઓ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જો કે ત્યાં સુધીમાં તેનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ભૈરવ બિલ્ડીંગ પરથી નીચે કેવી રીતે પડી ગયો તે બાબત હજુ રહસ્યમય છે. જો કે અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તે સમયે બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોના નિવેદનો લેવાની તજવીજ શરૂ કરી છે. પોલીસે કિશોરનો મૃતદેહ પીએમ કરાવી ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

કુડાસણ વિસ્તારમાં પ્રતિક મોલ પાસે એસ.ટી. પીકઅપ સ્ટેન્ડની તાતી જરૂરિયાત

રોજના અપડાઉન કરતા હજારો મુસાફરોમાં મહિલાઓ, વડીલો અને વિદ્યાર્થીઓનો સમાવાશ થાય છે : ધોળાકુવા અને કુડાસણ પાટિયાના બંને સ્ટોપ વચ્ચે લાંબુ આંતર હોવાથી ભારે હાલાકી

ગાંધીનગર, તા. ૨૩

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં કોબા હાઈવે પર પ્રતિક મોલ નજીક એસટી બસના પીકઅપ બસસ્ટોપની તાતી જરૂરિયાત જણાઈ રહી છે. ધોળાકુવા બસ સ્ટોપ પછી છેક કુડાસણ-રાયસણ ચોકડીએ બસસ્ટોપ આવતુ હોવાથી વચ્ચેના વિસ્તારના મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે.

ગાંધીનગર-કોબા મુખ્ય માર્ગ થકી અમદાવાદ તરફનો વાહનવ્યવહાર ખૂબ જ મોટા પ્રમાણમાં પસાર થઈ રહ્યો છે. ગુજરાત રાજ્ય પરિવહન નિગમની મોટા ભાગની બસો જેમાં ગ્રામ્ય અને શહેરી બસ સેવાનો સમાવેશ થાય છે. તે આ માર્ગેથી જ પસાર થઈ રહ્યો છે. ગાંધીનગર-અમદાવાદ વચ્ચે રોજના હજ્જારોની સંખ્યામાં મુસાફરો આ માર્ગે અપડાઉન કરી રહ્યાં છે જેના કારણે આ માર્ગને મેટ્રો પ્રોજેક્ટમાં સામેલ કરવા પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. આ માર્ગ પર કુડાસણ વિસ્તારમાં અનેક હાઈરાઈઝ એપાર્ટમેન્ટસ અને બંગ્લોઝની સ્કીમો ડેવલપ થઈ હોવાને કારણે આ વિસ્તારનો વિકાસ સારા પ્રમાણમાં થવા પામ્યો છે. મોટાભાગના રહીશો આ માર્ગે એસટી પરિવહનોનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ જ્યાં ન્યું ગાંધીનગરનો સૌથી ભરચક વસ્તી વાળો વિસ્તાર છે ત્યાં જ એસટીતંત્ર દ્વારા પીકઅપ સ્ટોપ આપવામાં આવ્યું નથી.

ગાંધીનગરથી અમદાવાદ તરફ જતા પ્રતિકમોલ પાસે અને અમદાવાદથી ગાંધીનગર તરફ આવતા સ્વાગત રેઈનફોરેસ્ટ-૧ કોમલેક્ષ પાસે પીકઅપ બસ સ્ટેન્ડની તાતી જરૂરિયાત જણાઈ રહી છે. આ વિસ્તારના રહીશોને ક્યાં તો ધોળાકુવા બસ સ્ટેન્ડે ઉતરવુ પડે છે અથવા કુડાસણ પાટિયાના બસ સ્ટેન્ડનો ઉપયોગ કરવો પડે છે. જેના કારણે મુસાફરોને ઘર સુધી પહોંચવા ખૂબજ લાંબા અંતર સુધી ચાલવુ પડે છે. અહીંથી અપડાઉન કરનારા મુસાફરોમાં અનેક મહિલાઓ, સિનિયર સિટીઝનો અને વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. વળી, આ રોડની વચ્ચે ડીવાઈડરને લોખંડની જાળીથી સુરક્ષિત કરાયેલુ હોઈ રોડ ક્રોસ કરવા માટે પણ દૂર સુધી ચાલવુ પડે છે. જો સાથે સામાન હોય તો અથવા મોડી રાતનો સમય હોય તો મહિલાઓ, વડીલો કે બાળકો માટે આટલુ લાંબુ અંતર જોખમરૂપ સાબિત થઈ શકે છે. જોપ્રતિકમોલ અને સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ પાસે એસટી બસનું પીકઅપ સ્ટેન્ડ બનાવાય તો આ વિસ્તારના નાગરિકો માટે આશિર્વાદરૂપ થાય તેમ છે.

છેડાલ પરગણા વણકર સમાજ દ્વારા આજે સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના છેડાલ પરગણાં વણકર સમાજ દ્વારા મજૂર નેતા સ્વ. નરસિંહભાઈ વોરાના પરિવાર અને પત્રકાર મહેન્દ્રભાઈ વોરાના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમ તા. ૨૪મી મે રવિવારે બપોરે ૩.૩૦ કલાકે ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે યોજવામાં આવશે.

ગુજરાત સરકારે તાજેતરમાં સમાજમાં આંબેડકરવાદી વિચારધારાની જ્યોત પ્રજવલ્લિત રાખનાર મજૂરનેતા સ્વ. નરસિંહભાઈ વોરાને ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ તેમજ પત્રકારત્વ ક્ષેત્રે પોતાની આગવી કલમથી નવજાગૃતિનું સિંચન કરનાર મહેન્દ્રભાઈ વોરાને મહાત્મા જ્યોતિરાવ ફૂલે શ્રેષ્ઠ પત્રકાર એવોર્ડથી સન્માનિત કર્યા હતા. છેડાલ પરગણાં વણકર સમાજ દ્વારા બન્ને મહાનુભાવોનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજયો છે. જેમાં સમારંભના અધ્યક્ષપદે સંસદીય સચિવ જેઠાભાઈ સોલંકી, મુખ્ય મહેમાન પદે નિવૃત્ત એડીશનલ ડીજીપી ડૉ. રાજન પ્રિયદર્શી ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અતિથિ વિશેષપદે ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, સિદ્ધાર્થ ક્રેડિટ સોસાયટીના પ્રમુખ આયકર અધિકારી ચંદ્રકાન્તભાઈ જાદવ તેમજ નિવૃત્ત આંકડા અધિકારી મણીલાલ સોલંકી ઉપસ્થિત રહેશે.

માર્ચ-એપ્રિલ માસ દરમિયાન શહેર જિલ્લા કોંગ્રેસની સક્રિય ભૂમિકા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા માર્ચ અને એપ્રિલ માસ દરમિયાન દાંડી કૂચ, ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી ઉપરાંત વિવિધ વિરોધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભ્રષ્ટાચાર અને શ્રમજીવી પરિવારો પાસેથી ઉઘરાવાતા હપ્તા વગેરે અંગે પણ દેખાવો અને સહી ઝુંબેશ વગેરે યોજવામાં આવી હતી.

માર્ચ માસની ૧૨મી તારીખે ગાંધીજીની ઐતિહાસિક દાંડીકૂચની યાદમાં શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખની આગેવાની હેઠળ પ્રતિકાત્મક દાંડીકૂચ યોજવામાં આવી હતી. તા. ૧૪મી એપ્રિલે ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલની આગેવાની હેઠળ ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પિત કરવામાં આવી હતી. આ ઉપરાંત સચિવાલય સંકુલ પાસે ભાજપનો ધ્વજ લગાવવા સામે તા. ૮મી એપ્રિલે કલેકટર તથા રાજયના મુખ્ય સચિવને રજૂઆત કરવામાં આવી હતી અને ગાંધીનગર શહેરના અગ્રણી વેપારીને માર મારવાના મુદ્દે શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલની આગેવાની હેઠળ જિલ્લા પોલીસ વડાને આવેદન પત્ર આપી દેખાવો યોજયા હતા.

ગાંધીનગર શહેરના રોડ-રસ્તાના કામમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને વેપારીઓ તેમજ શ્રમજીવી પરિવારો પાસેથી હપ્તા ઉઘરાવવા બાબતે પણ શહેર જલ્લા કોંગ્રેસ, યુવા કોગ્રેસ, મહિલા કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા ગ-૬ સર્કલ પાસે સહી ઝુંબેશ યોજી વિરોધ પ્રગટ કરવામાં આવ્યો હતો. આમ માર્ચ-એપ્રિલ માસ દરમિયાન શહેર જલ્લા કોંગ્રેસે સક્રીય ભૂમિકા ભજવતા જનજીવનને સ્પર્શતા મુદ્દાએ અંગે અવાજ ઉઠાવ્યો હતો.

બેરોજગાર યુવાનો ગૌણ સેવા પસંદગી મંડળ સામે આક્રોશ

ગૌણ સેવા પસંદગી મંડળના સચિવાલય ઓફીસ આસીસ્ટન્ટના પરિણામાં ગોટાળા થવાની ગંધ આવતા બેરોજગાર યુવાનોએ ન્યાય મળે તેવી અપીલ કરી છે. આ પરીક્ષામાં લાગવગ શાહી ચાલી રહી હોય અને પોતાના સગા સંબંધીઓને પાસ કરી નોકરીઓ આપવામાં આવતી હોય આવી વાતો ઘણા સમયથી ચર્ચાસ્પદ બની હતી.

જ્યારે ગૌણ સેવાએ બહાર પાડેલ આવા ગોટાળા વાળા રીઝલ્ટને કેન્સલ કરી અમને ન્યાય આપવા હાકલ કરીએ છીએ. ન્યાય નહિ મળે તો ભૂતકાળની ભરતીની ગેરરીતિઓની માહિતી એકઠી કરીને ન્યાયાલયમાં કેસ કરીને અને ન્યાય માંગીશું. અમારી પાસે લાંચ આપવાના કે કોર્ટ કેસના પૈસા નથી પણ કોર્ટ કેસ માટે અમે ભીખ માંગીને સરકાર પાસેથી કાનુની યુધ્ધ લડીશું તથા મેરીટમાં આવતા કેન્ડીડેટને અન્યાય સામે લડી ન્યાય અપાવીશું.

સરઢવ ગામેથી યુવતી ગુમ થયેલ છે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામના દાવોડ વાસમાં રહેતી રાધિકા ઓડ ૨૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ કલાકના સુમારે ઘરમાં જાણ કર્યા વગર ચાલી ગયેલ છે.

પરિણામે હજુ સુધી તપાસ કરતા માહિતી પ્રાપ્ત થયેલ નથી. રાધિકા ઉ.વ. ૧૯ દેખાવે મોઢુ લંબગોળ, રંગે ઘઉંવર્ણ, મધ્યમ લાંબો, ઉંચાઈ ૫.૪ ફુટ તથા ગુજરાતી, હિન્દી ભાષા તે જાણે છે. નરેશભાઈ ચતુરભાઈ પટેલે આ ગુમ થનાર બાબતે પેથાપુર પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫

સૂર્યાસ્ત : ૭.૧૮

તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૨૫ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :

બોમ્બે વેલ્વેટ : ૯.૨૦, ૧૨.૩૦, ૩.૪૦, ૬.૫૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

બોમ્બે વેલ્વેટ : ૧૧.૩૦, ૫.૫૦, ૧૦.૦૦

બે યાર : ૨.૪૦

સ્ક્રીન-૩ :

પીકુ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

ગબ્બર ઈઝ બેક : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૧૦.૨૦

એવેન્જર્સ : એજ ઓફ અલ્ટ્રોન : ૯.૦૦

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :

બોમ્બે વેલ્વેટ : ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

બોમ્બે વેલ્વેટ : ૧૨.૩૦

પીકુ : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૧૫, ૪.૪૫.

સ્ક્રીન-૩ :

મેડ મેક્સ (ઈંગ્લીશ) ૨.૪૫, ૭.૪૫

મેડ મેક્સ (હિન્દી) ૧૨.૪૫, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪ :

જો બકા : ૧૦.૦૦

ગબ્બર ઈસ બેક : ૭.૦૦

પીકુ : ૧૨.૪૫

સ્ક્રીન-૫ :

બોમ્બે વેલ્વેટ : ૧૦.૦૦

પીકુ : ૬.૪૫

ગબ્બર ઈસ બેક : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ. અશોકભાઈ શંકરદાસ પટેલ (ઉ.વ.૫૮) વિદ્યાનગર સોસાયટી, પ્રા.શાળા સામે, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. ભાસ્કરભાઈ ધીરજલાલ ત્રિવેદી (ઉ.વ.૮૪) પ્લોટ નં. ૫૭૮/૨, શાંતિવન સોસા., સે-૩૦, ગાંધીનગર
- સ્વ. રજુજી મોતીજી જાદવ (ઉ.વ.૪૫) મુ. જેઠીપુરા, તા.જી. ગાંધીનગર